BIPENDRASINH C. JADEJA
PRESIDENT
Mob: 98248 12512

ESTD. : 22-5-1933
JCCI
JAMNAGAR CHAMBER OF
COMMERCE & INDUSTRY

પી -૧૧ /પી-૧૫ /૮૮ / ૦૩૩૫

તા. ૧૬-૧૨-૨૦૨૪

: પ્રેસ નોટ નંબર ०૯ :

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા કોશિષ ફાઉન્ડેશન ના સયુંક્ત ઉપક્રમે યોજાયેલ સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનાર.

જામનગર તા. ૧૬ ,

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા કોશિષ ફાઉન્ડેશન ના સયુંક્ત ઉપક્રમે તા . ૧૪-૧૨-૨૦૨૪ ને શનિવાર ના રોજ ચેમ્બર ની ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજિ પેનલ તથા એજ્યુકેશન અને હેલ્થ પેનલ દ્વારા જામનગર ચેમ્બર ખાતે સાયબર સિક્યોરિટી તથા ડ્રગ્સ વિરોધી સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનાર માં રાજકોટ રેન્જના આઇ. જી . શ્રી અશોક કુમાર યાદવજી તથા જામનગરના પ્લોસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલું તેમની ટીમ સાથે ઉપસ્થિત રહેલ હતા.

સેમિનાર ની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ જાડેજાએ શબ્દોથી સ્વાગત કરતાં ચેમ્બર ની સ્થાપના વિષે જણાવેલ હતું ત્યારબાદ હાલના ડિજિટલ યુગ માં સાયબર ક્રાઇમ થી કેવી રીતે સુરક્ષિત રહેવું તથા આજના યુવાનો ડ્રગ્સ તથા વિવિધ નશાઓ તરફ આગળ વધી રહેલ છે તેને કેવી રીતે રોકવાં તે બાબત માર્ગદર્શન મળી રહે તે માટે જામનગર ની વિવિધ સ્કૂલ તથા કોલેજ ના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ તેમજ શહેરના લોકો માટે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આજના આ સેમિનાર માં આપણી ચેમ્બરના આમંત્રણ ને માન આપીને રાજકોટ રેન્જ આઇ.જી. શ્રી અશોક કુમાર યાદવજી પણ આપણને માર્ગદર્શન કરવા ખાસ ઉપસ્થિત રહેલ છે. આજનો આ સેમિનાર વિદ્યાર્થીઓ તેમજ શહેરના લોકોને ખુબજ ઉપયોગી થશે તેવી તેવી આશા વ્યક્ત કરેલ હતી .

આ પ્રસંગે ચેમબર ના હોદેદારો સર્વ પ્રમુખશ્રી શ્રી બિપેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખશ્રી રમણીકભાઇ અકબરી , માનદ મંત્રીશ્રી અક્ષતભાઇ વ્યાસ , માનદ સહ મંત્રીશ્રી કૃણાલભાઇ વી શેઠ, માનદ ઓડિટરશ્રી તુષારભાઇ વી. રામાણી , કોશિષ ફાઉન્ડેશન ના ચેરપર્સનશ્રી સહારાબેન મકવાણા, સંસ્થાની ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજિ પેનલ ના ચેરમેનશ્રી અનુભવભાઇ ખંડેલવાલ,એજ્યુકેશન અને હેલ્થ પેનલ ના ચેરમેનશ્રી મહેમુદભાઇ વહેવારિયા દ્વારા આજના કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી અશોક કુમાર યાદવજી તથા જામનગર પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલુંજીનું પુષ્પ ગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતું.

આ તકે આજના કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી અશોક કુમાર યાદવજીએ તેમના વક્તવ્યમાં જણાવેલ કે આ રીતે સાયબર ક્રાઇમ ના સેમિનારો તમામ જગ્યાએ અને અવાર નવાર થવા જોઇએ જેથી લોકોમાં જાગૃતતા આવે કારણ કે હાલ થઇ રહેલ ડિજિટલાઇજેશન તથા આધુનિકરણના લોધે લોકોના ડેટા સુરક્ષિત નથી જેથી કરીને અમુક લોકો ફ્રોડ કરે છે અને સામાન્ય



RAMNIK P. AKBARI, VICE PRESIDENT, Mob: 98980 97153 | AXAT VYAS, HON. SECRETARY, Mob: 98982 65111 | KRUNAL V. SHETH, HON. JT. SECRETARY, Mob: 98250 50809 | AJESH V. PATEL, HON. TREASURER, Mob: 98252 11840 | TUSHAR V. RAMANI, HON. AUDITOR, Mob: 9998430303 | SUDHIR N. VACHHARAJANI, HON. EDITOR, Mob: 98252 12199

લોકો તેનો ભોગ બને છે. કોઇ અજાણ્યા નંબર પર થી આવતા વિડીયો કોલ ઉપાડવા નહીં કારણ કે હવે ફ્રોડ આચરતા લોકો વિડીયો કોલ કરી બ્લેક મેલ કરે છે અને ખોટી રીતે ડરાવે/ ધમકાવે છે જેનાથી સામાજિક તથા આર્થિક નુકશાની નો ભોગ બનવું પડે છે. ભારત સરકારની કોઇ પણ એજન્સી કોલ કરીને કોઇ પણ પાસેથી વિગતો માંગતી નથી પરંતુ સાયબર ફ્રોડ કરતી ગેંગ લોકોને કોલ કરીને માહિતી મેળવી OTP માંગી લોકો સાથે ફ્રોડ કરતાં હોય છે. જેમાં ભોગ બનનાર ને મોટી નાણાકીય નુકશાની ભોગવવી પડે છે. વધુમાં જે લોકો સોશ્યલ મીડિયા નો વધુ ઉપયોગ કરે છે અને સ્ટેટસ ઉપડેટ કરવા, ફેસ બુક તેમજ વિવિધ સાઇટ ઉપર પરિવારના ફોટા મૂકવા પણ સુરક્ષિત નથી જેનો ગેર ઉપયોગ કરવામાં આવે છે. લોકોએ તેમના નાણાકીય વહેવારોના પાસવર્ડ પણ સહેલા ન રાખવા જોઇએ અને સમયાંતરે બદલતા રહેવું. આમ લોકોને જાગૃત રહેવા તથા સુરક્ષિત રહેવા પર ખાસ ભાર મુકેલ હતો .

હાલ ડ્રગ્સ વિરોધી બાબત પોલીસ વિભાગ ખુબજ સુંદર કામગીરી કરી રહેલ છે. જેમાં ખાસ કરીને ગુજરાત રાજ્ય સુરક્ષિત છે. અન્ય રાજ્યો માં પરિસ્થિતી ખુબજ ખરાબ છે. ડ્રગ્સ નો કાયદો ખુબજ કડક છે જેમાં 20 વર્ષ ની સજાની જોગવાઇ છે. જેથી લોકોને આ પ્રકારના નશાથી દૂર રહેવા જણાવેલ હતું. તેમણે ચેમ્બર તથા કોશિષ ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ સેમિનાર ની સરાહના કરેલ હતી .

આ સેમિનારમાં ઉપસ્થિત સ્પેશ્યલ ઓપેરશન ગ્રૂપ (SOG) ના અધિકારીશ્રી વિક્રમસિંહ ઝાલાએ ડ્રગ્સ વિષે માહિતી આપતા જણાવેલ કે સ્પેશ્યલ ઓપેરશન ગ્રૂપ (SOG) નું કામ દેશ વિરોધી થતી પ્રવૃતિ ને રોકવી. હાલ અમુક નવયુવાનો તેમજ વિદ્યાર્થીઓ પોતાના શોખ ખાતર તથા ખરાબ સંગતથી અથવા માનસિક ટ્રેસ ના લીધે નશો કરતાં થઇ ગયા છે. અમુક રાજ્યોમાં નશા કરતાં લોકોની પરિસ્થિતી ખુબજ ખરાબ છે. આપણે આપણું તથા આપણા પરિવાર માટે આવી કોઇ નશાની આદત ના કરવી અને આનાથી સુરક્ષિત રહેવું જોઇએ. આ તકે નવયુવાનો ને તથા સમાજના લોકોને આવા નશાથી દૂર રહેવા ખાસ અનુરોધ કરેલ હતો .

આજના સેમિનારો મુખ્ય મુદો સાયબર ક્રાઇમ નો છે તેના માટે ખાસ સાયબર ક્રાઇમ વિભાગ તરફથી પધારેલ પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એચ. કે. ઝાલા સાહેબે પ્રેઝન્ટેશન દ્વારા લોકો સાથે કઇ રીતે સાયબર ક્રાઇમ તથા ફ્રોડ થઇ શકે છે તે વિષયે ઓડિયો / વિડીયો ના માંધ્યમથી વિસ્તૃત અને વિસ્તાર થી માહિતી આપેલ હતી . સાયબર ક્રાઇમ તથા ફ્રોડ ની કોઇ સ્પષ્ટ વ્યાખ્યા હોતી નથી પરંતુ મુખત્વે લોકોની સામાજિક પ્રતિષ્ઠા, લોકોના નાણાની ઉચાપત અને સરકારના નામે અને સરકારી નાણાની ઉચાપત થાય છે. આ તકે તેમણે ઓડિયો / વિડીયો ના માંધ્યમથી લોકો સાથે કઇ રીતે સાયબર ક્રાઇમ અથવા ફ્રોડ થઇ શકે છે. તેમજ આજના વિદ્યાર્થીઓ તેમના પરિવારજનો તથા સામાન્ય લોકોને કે જે લોકો સોશ્યલ મીડિયા નો વધુ પડતો ઉપયોગ કરતાં હોય છે તેઓને સાયબર ક્રાઇમ તથા ફ્રોડ થી કેવી રીતે બચવું તેના વિષે જણાવેલ હતું . કોઇ પણ એપ્લિકેશન અથવા વેબસાઇટ નો ઉપયોગ સાવચેતીથી કરવો જોઇએ. અજાણ્યા નંબર પરથી આવતા વિડીયો કોલ ન ઉપાડવા જોઇએ.

અન્યથા તમને બ્લેક મેલ કરી સામાજિક તથા નાણાકીય બાબતે હેરાન કરવામાં આવશે. આ તકે તેમણે લોકોને સલામત, સાવચેત તથા સુરક્ષિત રહેવા સોશ્યલ મીડિયા નો સમજી વિચારીને ઉપયોગ કરવો અજાણ્યા લોકોને તમારી કોઇ અંગત માહિતી જેવી કે આધાર કાર્ડ નંબર / પેન કાર્ડ નંબર કે ATM કાર્ડ કે ક્રેડિટ / ડેબીટ કાર્ડ ના નંબર કે OTP ના આપવા જોઇએ. તેમ છતા પણ જો આપની સાથે જો સાયબર ક્રાઇમ કે ફ્રોડ થાય અને નાણાંકીય ઉચાપત થાય તો તુરંત જ આપના નજીકના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન માં ફરિયાદ કરો જેથી તમારી સામાજિક પ્રતિષ્ઠા તથા નાણાની સલામતી જળવાઈ રહેશે.

આ કાર્યક્રમમા પોલીસ વિભાગ તરફથી જામનગર પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલુજી,સહાયક પોલીસ અધિક્ષકશ્રી પ્રતિભા મેડમ (લાલપુર ડિવિઝન) , પ્રોબેશનરી આઇપીએસ શ્રી અક્ષેશ એન્જિનિયર, સાયબર ક્રાઇમ વિભાગના પોલીસ ઈન્સ્પેકટરશ્રી આઈ.એ.ધાસુરા તથા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એચ.કે.ઝાલા,સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ (SOG) ના વિક્રમસિંહ ઝાલા તેમજ ચેમ્બર ના કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, પેનલ ના સભ્યશ્રીઓ , શહેરની વિવિધ સ્કૂલ કોલેજોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા જન સામાન્ય બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા .

સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ચેમ્બર ના માનદ મંત્રીશ્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ હતું . તેમજ કાર્યક્રમ ના અંતે આભાર દર્શન કોશિષ ફાઉન્ડેશન ના ચેરપર્સન શ્રી સહારાબેન મકવાણાએ કરેલ હતું .

---

પ્રતિ,
તંત્રીશ્રી / પ્રતિનિધિશ્રી ......................................દૈનિક
ઉપરોક્ત અખબારી યાદીને આપના સુપ્રસિધ્ધ દૈનિકમાં બહોળી પ્રસિધ્ધિ આપવા વિનંતી છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,
જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વતી ,

(અક્ષત વ્યાસ)
માનદ મંત્રી

બિડાણ ; ફોટો -૧ .